| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| મુખ્ય સેવિકામાંથી સીડીપીઓમાં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા | | |
| તા.૦૮/૧૨/૨૦૨૧ | પ્રશ્નપત્ર – ૪ | બેઠક નંબર:............. |
| સમય : ૧૫.૦૦ થી ૧૮.૦૦ | SET – C | કુલ ગુણ : - ૧૦૦ |

**1** કલ્પસર યોજના કયા વિસ્તારને લાગુ પડે છે ?

**A** કચ્છની પાકિસ્તાન સરહદ
**B** ખંભાતના અખાત
**C** સરદાર સરોવર ડેમ
**D** સૌરાષ્ટ્ર

**2** નીચે પૈકીના કયા વિધાનો ખરા છે ?

૧. કેન્દ્રીયકરણ સામાન્ય વ્યક્તિની ક્ષમતા વિઝનમાં અવરોધક છે
૨. ગ્રામસભાના અભ્યાસ માટેની દિવાકર ટીમે તેનો અહેવાલ ૧૯૬૨મા આપેલો
૩. સિંચાઇ વ્યવસ્થા પંચાયતની રેગ્યુલેટરી કામગીરી ગણાય છે
૪. કે. સંથાનમ સમિતિનું પ્રમુખ ક્ષેત્ર પંચાયતની ચૂંટણી પ્રક્રિયાનું હતું.

**A** (૧) અને (૨)
**B** (૨) અને (૩)
**C** (૩) અને (૪)
**D** (૧) અને (૪)

**3** સમરસ યોજના કઇ બાબત સાથે સંકળાયેલ છે ?

**A** દારૂબંધી
**B** કાયદો - વ્યવસ્થા
**C** ચૂંટણી
**D** સર્વ ધર્મ સમભાગ

**4** જિલ્લા આયોજન સમિતિમાં ઓછામાં ઓછા કેટલા સભ્યો જિલ્લા પંચાયત અને નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોમાંથી પસંદ કરવાના રહે છે ?

**A** એક તૃતીયાંશ
**B** એક ચતુર્થાંશ
**C** ચાર પંચમાંશ
**D** ૫૧ %

**5** "મેગા" શું છે ?

**A** મેગાસીટી આયોજન અને વિકાસ વ્યવસ્થા
**B** રેલ આધારિત જાહેર પરિવહન વ્યવસ્થા
**C** સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે ઉભા કરાયેલ મેડિકલ સીટીની વ્યવસ્થા
**D** સાંસ્કૃતિક કાર્યક્રમની યોજના

**6** ચૂંટણી આયોગ માટે નીચે પૈકી કઇ બાબત ખરી નથી ?

**A** તે લોકસભા - રાજ્યસભાની ચૂંટણી ઉપર દેખરેખ રાખે છે
**B** જો લોકસભા - રાજ્યસભાની ચૂટણી માટે મતદાર યાદી તૈયાર કરાવે છે
**C** તે મેટ્રોપોલીટન કોર્પોરેશનની ચૂંટણી માટે માર્ગદર્શન આપે છે.
**D** તે રાષ્ટ્રપતિની ચૂંટણીનું સંચાલન કરે છે

**7** **રાષ્ટ્રપતિએ પોતાના હોદાનું રાજીનામું કોને સંબોધીને આપવાનું હોય છે ?**

**A** ઉપ રાષ્ટ્રપતિને **B** સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમુર્તિને

**C** વડા પ્રધાનને **D** કેબીનેટ સેક્રેટરીને

**8** **કયું વિધેયક રાજ્યસભામાં રજૂ કરી શકાતું નથી ?**

**A** બંધારણ સુધારા વિધેયક **B** નાણં વિધેયક

**C** સંરક્ષણ વિધેયક **D** વિદેશનીતિ વિધેયક

**9** **ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ ક્યારથી અમલમાં મુકવામાં આવેલ છે ?**

**A** ૧-૪-૨૦૧૬ **B** ૧-૪-૨૦૧૨

**C** ૧-૪-૨૦૧૮ **D** ૧-૪-૨૦૧૫

**10** **નીચે પૈકી કઇ બાબતનો સંઘયાદીમાં સમાવેશ નથી થતો ?**

**A** શેર બજાર **B** કોર્પોરેશન કર

**C** આંતર રાજ્ય વેપાર **D** ગેસ અને ગેસ કારખાના

**11** **મનુસ્મૃતિમાં ગ્રામ માટે કયો શબ્દ વપરાયો છે ?**

**A** ગૌત્ર **B** પુરભ

**C** પાલી **D** ટીપું

**12** **વિધાનસભાનું સત્ર સમાપ્તિ અને વિસર્જન કોણ કરી શકે ?**

**A** વિધાનસભાના અધ્યક્ષ **B** રાષ્ટ્રપતિ

**C** રાજ્યના મુખ્યમંત્રી **D** રાજ્યપાલ

**13** **વીલેજ વોલીયન્ટર સ્કીમ કયા વર્ષમાં દાખલ કરવામાં આવેલ હતી ?**

**A** ૧૯૬૧-૬૨ **B** ૧૯૭૦-૭૧

**C** ૧૬૯૪-૬૫ **D** ૧૬૫૪-૫૫

**14** **સુધારેલ સ્મશાન ભઠ્ઠીની યોજનામાં લાભાર્થીનું ફંડ કેટલું હોય છે ?**

**A** ૧૦ % **B** ૨૦ %

**C** ૩૦ % **D** ૩ %

**15** **રાજ્ય સભાના સભાપતિ તરીએ કઇ રીતે નિયુક્તિ થાય છે ?**

**A** રાજ્ય સભાના સભ્યો દ્વારા ચુંટણીથી **B** સંસદના બન્ને ગૃહોના સભ્યો દ્વારા ચુંટણીથી

**C** રાષ્ટ્રપતિ દ્વારા પ્રધાનમંત્રીની સલાહ અનુસાર **D** ઉપ રાષ્ટ્રપતિ હોદાની રૂએ

**16** **મહાત્મા ગાંધીની ઇચ્છા મુજબ નીચે પૈકીની કઇ બાબત ખરી છે ?**

**A** સતાનું વિકેન્દ્રીકરણ **B** સતાનું કેન્દ્રીકરણ

**C** સતાની સહ હિસ્સેદારી **D** સતા શૂન્ય શાસન

**17 વિસ્તારની વિષમતા ઘટાડવા માટે જિલ્લા પછાત વિસ્તારો માટે ખાસ ગ્રાન્ટની જોગવાઇ કયા ફંડમાં કરવામાં આવે છે ?**

**A** પછાત વિસ્તાર વિકાસ ફંડ

**B** રાજ્ય સમકારી ફંડ

**C** જિલ્લા સહકારી ફંડ

**D** દુર્ગમ વિસ્તાર વિકાસ નિધી

**18 જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની મુદત કેટલા વર્ષની હોય છે ?**

**A** પાંચ વર્ષ

**B** ત્રણ વર્ષ

**C** બે વર્ષ

**D** એક વર્ષ

**19 ઉધોગો દ્વારા ૨૦૨૫ સુધીમાં કેટલા વધારાના લોકોને રોજગારીની તક પુરી પાડવાનૂં ગુજરાત સરકારનું લક્ષ્ય છે ?**

**A** ૨૫ લાખ

**B** ૨૦ લાખ

**C** ૫૦ લાખ

**D** ૪૦ લાખ

**20 ઇ - નગર શું છે ?**

**A** વાઇ-ફાઇ યોજના

**B** નગરજનો ઘરે બેઠા પેમેન્ટ કરી શકે તેવી વ્યવસ્થા

**C** સેટેલાઇટ બેઇઝ્ડ ટાઇમ પ્લાનીંગ

**D** પ્રદૂષણ રહીત નગર બસ સેવા

**21 કલેકટર બાબતે નીચે પૈકી કઇ બાબત ખરી નથી ?**

**A** ગ્રામ / નગર પંચાયતની સ્થાવર મિલ્કતની તબદીલી માટે તેમના દ્વારા મંજૂરી આવશ્યક છે

**B** જિલ્લા પંચાયતની તમામ સમિતિમાં સભ્ય થઇ શકે છે

**C** જિલ્લા પંચાયતના સહ સભ્ય છે.

**D** જિલ્લા પંચાયતમી બેઠકોમાં ભાગ લઇ શકે છે

**22 ભારતના નાગરિક બનવા માટે નીચે પૈકી કઇ બાબત ખરી નથી ?**

**A** ભારતમાં જન્મેલ હોય

**B** માતાપિતા માંથી કોઇ ભારતમાં જન્મેલ હોય

**C** બંધારણના આરંભથી પહેલા ૫ વર્ષથી ભારતમાં રહેતા હોય

**D** પિતાના માતા પિતામાંથી કોઇ ભારતમાં જન્મેલ હોય

**23 રાજ્યમાં જૂના લેખો - અભિલેખોની જાળવણીની કામગીરી કયા વિભાગ દ્વારા થાય છે ?**

**A** સામાન્ય વહીવટ વિભાગ

**B** શિક્ષણ વિભાગ

**C** યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ

**D** મહેસૂલ વિભાગ

**24 રાજ્યમાં ગ્રામ પંચાયતની સંખ્યા કેટલી છે ?**

**A** ૧૪૦૦૦ જેટલી

**B** ૧૧૦૦૦ જેટલી

**C** ૧૬૦૦૦ જેટલી

**D** ૧૮૦૦૦ જેટલી

**25 મિલ્કત અંગેનો અધિકાર અંગે નીચે પૈકી કયું ખરું છે ?**

A મિલ્કત ધારણ કરવાનો અધિકાર મૂળભૂત અધિકાર છે.

B ક્યારેય સંવિધાનમાં સમાવેશ કરાયેલ ન હતો

C સંવિધાનમાં મૂળભૂત અધિકાર તરીકે રખાયેલ પરંતુ સમયાંતરે નાબૂદ કરવામાં આવેલ છે

D પ્રથમથી જ માત્ર વૈકલ્પિક મૂળભૂત અધિકાર તરીકે બંધારણમાં સમાવેશ કરાયેલ છે

**26 જિલ્લા પંચાયત જમીન મહેસૂલ ઉપર વધુમાં વધુ કેટલો સેસ નાખી શકે છે ?**

A ૫૦ પૈસા

B ૨૫ પૈસા

C એક રૂપિયો

D યોગ્ય લાગે તેટલો

**27 ખિતાબ નાબુદીની બાબત નીચે પૈકી કઇ બાબતને સ્પર્શે છે ?**

A નાગરિક સમાનતાનો હક

B નાગરિક સ્વાતંત્ર્યનો હક

C સાંસ્કારિતાની સમાનતાનો હક

D નાગરિકના શોષણ સામેનો હક્ક

**28 "કર ખેત કી પાની" યોજનામાં અમલીકરણ ચોકક્સ કઇ કચેરી દ્વારા થાય છે ?**

A વાસ્મો

B કલ્પસર મંત્રાલય

C સરદાર સરોવર નર્મદા નિગમ લી

D સિંચાઇ વિભાગ

**29 આઝાદી પહેલાના સમયમાં કયા રાજ્યોએ ગ્રામ વિકાસ કાર્યક્રમની પહેલ કરી હતી ?**

A મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન

B મૂંબઇ, મદ્રાસ અને ઉતર પ્રદેશ

C ગુજરાત, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ

D ઉતર પ્રદેશ, ગુજરાત અને કર્ણાટક

**30 પંચાયતી રાજની સંસ્થાઓ કયા વિકાસનું વાહન બની શકે ?**

A આર્થિક અને સામાજિક

B રાજકીય અને ગ્રામ વિકાસ

C આર્થિક અને રાજકીય

D રાજકીય અને સામાજિક

**31 સઘન ખેતી જિલ્લા કાર્યક્રમ કયા વર્ષમાં શરૂ થયો હતો ?**

A ૧૯૫૨-૫૩

B ૧૯૬૫-૬૬

C ૧૯૬૦-૬૧

D ૧૯૭૦-૭૧

**32 " Such Voluntary Organization can do contribute but much to the democracy and dynamics of social action" કોનું વિધાન છે ?**

A Dr. Taylor

B Mahatma Gandhi

C Dr. E. Morgon

D Viniba Bhave

**33 ગ્રામ સભાની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી કેટલીવાર મળવી જોઇએ ?**

A બે વાર

B ત્રણ વાર

C ચાર વાર

D છ વાર

**34 ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૬૧ નાં સંદર્ભમાં નીચે પૈકી કઇ બાબત ખરી નથી ?**

A પક્ષપલ્ટા વિરૂધ્ધની જોગવાઇ

B ૧૦૦ ટકા મહેસૂલી કાર્યોની વૈધાનિક ફાળવણી

C ૨૧ વર્ષની ઉપરની વ્યક્તિને મતાધિકાર

D સ્ત્રીઓનું સુનિશ્ચિત પ્રતિનિધિત્વ

**35** ભારતની સંવિધાનસભાએ સંવિધાન કઇ તારીખે અપનાવેલ ?

**A** ૨૬ નવેમ્બર, ૧૯૫૦ **B** ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦

**C** ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ **D** ૨૬ નવેમ્બર, ૧૯૪૯

**36** દરેક ગ્રામ સેવિકાને કેટલા ગામની કામગીરી સંભાળવવાની થતી હતી ?

**A** એક અને માત્ર એક **B** બે

**C** ત્રણ **D** પાંચ

**37** માનવ વિકાસના આદર્શમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

૧. શિક્ષણ

૨. આરોગ્ય

૩. શુધ્ધ પર્યાવરણ

૪. સ્વચ્છ પેય જળ

૫. આવાસ

૬. ન્યાય

**A** તમામ **B** ૧,૨,૪,૫,૬

**C** ૧,૨,૩,૪,૫ **D** ૨,૩,૪,૫,૬

**38** આઇ.આર.ડી.પી. કઇ બાબત સાથે સીધું સંકળાયેલ છે ?

**A** શિક્ષણ **B** ગ્રામ વિકાસ ક્ષેત્ર

**C** સંરક્ષણ ક્ષેત્ર **D** બેન્કીંગ ક્ષેત્ર

**39** રાજ્ય પંચાયતમાં પરિષદમાં વિધાનસભાના કેટલા સભ્યોને ચૂંટવામાં આવે છે ?

**A** પાંચ **B** ત્રણ

**C** જિલ્લા દીઠ - એક **D** ચાર

**40** નીચે પૈકી કઇ બાબતનો સમાવેશ રાજ્યની યાદીમાં નથી થતો ?

**A** મત્સય ક્ષેત્ર **B** ખેતી વિષયક શિક્ષણ

**C** નશાકારક દારૂના ઉત્પાદન **D** રેડિયો પ્રસારણ

**41** મનરેગા, પ્રધામંત્રી આવાસ યોજના, જેવી યોજનાના અધિકારી - કર્મચારીને તાલીમ આપવાનું કામ કઇ સંસ્થા કરે છે ?

**A** સ્પીપા **B** પંચાયતી રાજ અને ગ્રામ વિકાસ તાલીમ કેન્દ્ર

**C** રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા **D** ગ્રામ વિકાસ તાલીમ કેન્દ્ર

**42** ભારતની બંધારણમાં કઇ વયના બાળકોને શિક્ષણની તક પૂરી પાડવાની જોગવાઇ કરવામાં આવી

**A** ૬ થી ૧૬ વર્ષ **B** ૬ થી ૧૪ વર્ષ

**C** ૬ થી ૧૮ વર્ષ **D** ૬ થી ૨૧ વર્ષ

**43** ગ્રામદાનના માર્ગદર્શક સિધ્ધાંતોમાં નીચે પૈકી કઇ બાબતનો સમાવેશ નથી થતો ?

**A** બૃહદ પરિવાર

**B** પ્રેમ અને અહિંસા

**C** સાંસ્કૃતિક વારસાનું જતન

**D** સહકાર અને સમાન ભોગવટો

**44** સામુહિક વિકાસ (Community Development) ની પધ્ધતિ કઇ બે પ્રક્રિયામાં વહેંચી શકાય ?

**A** Extension Education અને Panchayati Raj

**B** Panchayati Raj અને Community Organization

**C** Extension Education અને Community Organization

**D** Rural Development અને Community Organization

**45** નીચે પૈકી કયા વિધાનો ખરા છે ?

૧. ધોલેરા પ્રાચીન સમયમાં અગત્યનું બંદર હતું

૨. સરદાર સરોવર પ્રોજેકટની મુખ્ય નહેરની લંબાઇ ૫૫૮ કિમી છે.

3. મા અન્નપૂર્ણા યોજનામાં રાંધેલો ખોરાક પુરો પાડવામાં આવે છે.

૪. ૨૦૦૧ થી ૨૦૧૧ દરમ્યાન ગ્રામીણ વસ્તી વૃધ્ધિ દર ૧૦ % થી નીચે હતો.

**A** (૧), (૨)

**B** (૨), (3)

**C** (૧), (૪)

**D** (3), (૪)

**46** ગુજરાતમાં પંચાયતી રાજ અંગે કઇ બાબત ખરી નથી ?

**A** તે રસિકલાલ પરીખ સમિતિના અહેવાલ આધારે અમલમાં મુકાઇ

**B** તે પંચાયત અધિનિયમ - ૧૯૬૧ આધારિત છે

**C** રાજ્યની સ્થાપના સમયથી જ ગુજરાતમાં અમલી છે

**D** સમગ્ર ગુજરાતમાં તા.૦૧/૦૪/૧૯૬૩ થી અમલમાં આવ્યું.

**47** ન્યાય પંચાયત અંગે નીચેના ચાર વિધાનોના સંદર્ભમાં કયો વિકલ્પ સાચો છે ?

૧. જૂથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ૪ ગામ માટે રચાયેલ ન્યાય પંચાયતમાં પાંચ સભ્યો હોય છે.

૨.સરપંચ ન્યાય પંચાયતના અધ્યક્ષ પદે કામ કરે છે.

3. ન્યાય પંચાયતની હુકમનામાનો અમલ જિલ્લા વિકાસ અધિકારી મારફત કરવાનો થાય છે.

૪. ન્યાય પંચાયતના હુકમનામા સામે અપીલ સેશન્સ કોર્ટમાં થઇ શકે છે

**A** ૧,૨,3 ખરા છે

**B** ૨,3,૪ ખોટા છે

**C** તમામ ખરા છે

**D** તમામ ખોટા છે

**48** **નીચે પૈકી કઇ કઇ યોજના અમલમાં રહે છે ?**

**૧. જવાહર આવાસ યોજના**

**૨. ઇન્દીરા રોજગાર યોજના**

**૩. ગોકુલ ગ્રામ યોજના**

**૪. સખી મંડળ યોજના**

**૫. સઘણ કૃષિ જિલ્લા કાર્યક્રમ**

**A** (૧),(૨),(૩)

**B** (૩),(૪),(૫)

**C** (૩),(૫),(૧)

**D** તમામ

**49** **નાણા આયોગમાં કેટલા સભ્યો હોય છે ?**

**A** ચાર

**B** છ

**C** આઠ

**D** બાર

**50** **નીચે પૈકી ગુજરાતમાં સૌથી વધુ સંખ્યા કયા પ્રકારના વાહનની છે ?**

**A** ટ્રેકટર + ટ્રેઇલર

**B** ઓટોરીક્ષા

**C** માલવાહક વાહનો

**D** જીપ-મોટર કાર

**51** **વિધાનસભાની સભ્ય સંખ્યા અંગે કઇ બાબત ખરી છે ?**

**A** વધુમાં વધુ ૫૦૦ સભ્ય હોય શકે

**B** વધુમાં વધુ ૨૫૦ સભ્યો હોય શકે

**C** વધુમાં વધુ ૩૦૦ સભ્ય હોય શકે

**D** વધુમાં વધુ ૪૦૦ સભ્ય હોય શકે

**52** **સંવિધાનની જોગવાઇ મુજબ કઇ વયથી નાના બાળકોને જોખમવાળા કામે રાખી શકતા નથી ?**

**A** ૧૨ વર્ષ

**B** ૧૪ વર્ષ

**C** ૧૬ વર્ષ

**D** ૧૮ વર્ષ

**53** **ગ્રામ સેવક અંગેના નીચેના વિધાનો પૈકી કયા વિધાનો ખરા નથી ?**

**૧. ભારતીય વહીવટી તંત્રમાં તે બિલકુલ નવા કર્મચારી (functionary ) હતા**

**૨. તેમનૂં કાર્યક્ષેત્ર પ્રમાણમાં વધુ હતુ**

**૩. ૧૯૫૩માં તેઓ કાર્યક્ષમ વિસ્તરણ કામગીરી કરતા હતા**

**૪. તે બહુહેતુક કાર્યકર તરીકે જોવાયા હતા.**

**A** (૧),(૩)

**B** એકપણ નહી

**C** તમામ

**D** (૨) અને (૪)

**54** **ગુજરાત સરકારની મધ્યાહ્ન ભોજન યોજનાના લાભાર્થીમાં કોનો સમાવેશ થાય છે ?**

**A** પ્રાથમિક - માધ્યમિક - આંગણવાડીના બાળકો

**B** આંગણવાડીના બાળકો

**C** પ્રાથમિક શાળાના બાળકો

**D** પ્રાથમિક શાળા તથા આંગણવાડીના બાળકો

**55 કેટીગરીની ઉદઘોષણા કોણ કરી શકે છે ?**

**A** રાષ્ટ્રપતિ

**B** વડાપ્રધાન

**C** પ્રધાનમંડળ

**D** ગૃહપ્રધાન

**56 ગુજરાતમાં ગ્રામ વિકાસ કમિશ્નરેટની શરૂઆત કયા વર્ષમાં થયેલ છે ?**

**A** ૧૯૬૦

**B** ૧૯૭૫

**C** ૧૯૮૧

**D** ૧૯૯૧

**57 ગુજરાત રાજ્યમાં કેટલા ભૌગોલિક વિસ્તારમાં જંગલો આવેલા છે ?**

**A** ૧૨.૧૪

**B** ૧૬.૧૪

**C** ૧૩.૧૪

**D** ૧૧.૧૪

**58 સંસદનું કામકાજ કઇ ભાષામાં ચલાવવામાં આવે છે ?**

**A** હિન્દી

**B** અંગ્રેજી

**C** હિન્દી અથવા અંગ્રેજી

**D** બંધારણની માન્ય ભાષાઓમાં

**59 રાજ્યમાં એડવોકેટ જનરલની પસંદગી નીચે પૈકી કઇ રીતે થાય છે ?**

**A** બાર કાઉન્સીલમાં ચૂંટણી પ્રક્રિયાથી

**B** હાઇકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ દ્વારા

**C** સંઘ લોક સેવા આયોગ દ્વારા

**D** રાજ્યના રાજ્યપાલ દ્વારા

**60 ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી અંગે કયુ વિધાન યોગ્ય છે ?**

**A** ગુજરાતમાં વીજ વિતરણ કંપનીઓની માતૃ સંસ્થા

**B** પરંપરાગત વીજ ઉત્પાદન અને સંશોધન

**C** બિન પરંપરાગત વીજ ઉત્પાદન અને સંશોધન

**D** પરંપરાગત અને બિનપરંપરાગત વીજ ઉત્પાદન અને સંશોધન

**61 ભારતના નિયંત્રક મહાલેખા પરીક્ષક તેમના અહેવાલો કોની સમક્ષ રજૂ કરે છે ?**

**A** ભારત સરકાર

**B** રાષ્ટ્રપતિ

**C** વડાપ્રધાન

**D** સંસદ

**62 "વાસ્મો" કયા ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા છે ?**

**A** પીવાનું પાણી

**B** જમીન સંરક્ષણ

**C** પીવાના પાણી અને સ્વચ્છતા

**D** વનીકરણ

**63 સ્માર્ટ વિલેજ બનાવવા માટેના ફરજિયાત લક્ષ્યાંકમાં નીચે પૈકી કઇ બાબતનો સમાવેશ નથી થતો**

**A** ગ્રામ સભા આયોજન

**B** સાંસ્કૃતિક હોલ

**C** સોઇલ હેલ્થ કાર્ડ

**D** મહેસૂલી રેકર્ડ

**64 નાણાકીય સહાય અંગે નીચે પૈકી કઇ બાબત ખરી નથી ?**

A દર ત્રણ મહિને અનુદાન છુટ્ટં કરવામાં આવે છે

B તમામ નાણાકીય સહાય જિલ્લા પંચાયત માફરત થાય

C રાજ્યની ગ્રામ પંચાયતને કર નાખવા પ્રોત્સાહિત કરવામાં આવે છે

D મિલ્કતની તબદીલ ઉપરની સ્ટેમ્પ ડયુટી પણ વસૂલ કરી શકાય છે

**65 રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનમાં રાજ્ય સરકારનો ફાળો કેટલો હોય છે ?**

A ૧૦૦ %

B ૪૦ %

C ૫૦ %

D ૬૦ %

**66 દિન દયાળ પોર્ટ ટ્રસ્ટ ક્યાં આવેલ છે ?**

A મુંદ્રા

B કંડલા

C દહેજ

D મગદલ્લા

**67 ATVT કઇ બાબતને લક્ષીત કરે છે ?**

A ટેકનીકલ શિક્ષણ

B વિકેન્દ્રીત આયોજન

C ગ્રામ્ય વીજળીકરણ

D મોબાઇલ નેટવર્ક

**68 સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લેવાની યોજનામાં કયા જિલ્લાનો સમાવેશ થાય છે ?**

A નવસારી - વલસાડ

B ડાંગ - વલસાડ

C ડાંગ - નવસારી

D ડાંગ - નર્મદા

**69 સંસદ કઇ રીતે બને છે ?**

A લોકસભા અને રાજ્યસભાથી

B રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાથી

C લોકસભાથી

D લોકસભા, રાજ્યસભા અને વિધાનસભાથી

**70 સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનામાં લાભાર્થીને ફાળો કેટલો હોય છે ?**

A ૨૦ %

B ૧૦ %

C ૪૦ %

D ૫૦ %

**71 ગુજરાતમાં સ્નાતક કક્ષાના તબીબી શિક્ષણ માટે કુલ કેટલી સીટની વ્યવસ્થા છે ?**

A આશરે ૪૦૦૦

B આશરે ૩૦૦૦

C આશરે ૬૦૦૦

D આશરે ૫૦૦૦

**72 બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સીલરના અધ્યક્ષપદે કોણ હતા ?**

A તાલુકા પંચાયત પ્રમુખ

B પ્રાંત અધિકારી

C બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર

D કલેકટર

**73 ગુજરાતના કયા જિલ્લાનો Aspiritional District માં સમાવેશ થયેલ છે ?**

**A** નર્મદા - અરવલ્લી
**B** દાહોદ - ડાંગ
**C** નર્મદા - દાહોદ
**D** નર્મદા - ડાંગ

**74 હાલના સ્વરૂપનો ૨૦ મુદ્દા કાર્યક્રમ કયા વર્ષથી અમલમાં છે ?**

**A** ૨૦૦૭
**B** ૧૯૮૨
**C** ૧૯૮૬
**D** ૧૯૭૫

**75 રાજ્યમાં કયા કયા શહેરમાં હાટની સ્થાપના કરાયેલ છે ?**

**A** અમદાવાદ - ગાંધીનગર
**B** અમદાવાદ - વડોદરા
**C** ભૂજ - ગાંધીનગર
**D** અમદાવાદ - ભૂજ

**76 "સાંથણી" કઇ બાબતની કામગીરી છે ?**

**A** કૃપોષીત બાળકોને અપાતા રેશન વિતરણ
**B** વનવિભાગ દ્વાર્રા રોપા વિતરણ
**C** સરકારી પડતર જમીનની ભૂમિહીનોને વિતરણ
**D** જમીન માપણીની ચોક્કસ પધ્ધતિ

**77 સંકલીત બાળ વિકાસ યોજના આંગણવાડી કાર્યકર - તેડાગરના માનદવેતનમાં કેન્દ્રીય ફંડનું પ્રમાણ કેટલું હોય છે ?**

**A** ૫૦ %
**B** ૬૦ %
**C** ૩૦ %
**D** ૪૦ %

**78 નીચે પૈકી કયુ વિધાન ખોટું છે ?**

**A** ધર્મ - ભાષા આધારિત લઘુમતી પસંદગી મુજબની શિક્ષણ સંસ્થા સ્થાપી શકે.
**B** રાજ્યને સંપૂર્ણ નાણાકીય સહાય ઉપર નિર્ભર સંસ્થા સરકારની પરવાનગીથી ધાર્મિક શિક્ષણ આપી શકે.
**C** રાજ્ય હસ્તકના ટ્રસ્ટ ફરજિયાત ફરજના ભાગરૂપે ધાર્મિક શિક્ષણ આપી શકે
**D** ધાર્મિક અને સખાવતી હેતુઓ માટેની સંસ્થા સ્થાપના માટે પણ વ્યાજબી નિયંત્રણો છે

**79 નીચેના વિધાનો ચકાસી, તેના માટે કયો વિકલ્પ સૌથી સાચો છે તે જણાવો.**

**૧. પંચાયત સેક્રેટરીના પગાર - તાલીમનાં ખર્ચ માટે મહેસૂલ વસૂલાતનો ઉપયોગ થાય છે.**
**૨. જિલ્લા વિકાસબોર્ડનું અધ્યક્ષ સ્થાન જિલ્લા પંચાયત પ્રમુખ સંભાળતા હતા.**
**૩. ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજ્ય ગ્રામ પંચાયતને મહેસૂલી આવક ચૂકવવામાં ઉદાર હતુ.**
**૪. નગર પાલિકા દ્વિતીય કક્ષાની પંચાયત ગણાય છે**

**A** ૨ અને ૪ ખરા છે
**B** તમામ ખરા છે
**C** ૧ અને ૩ ખરા છે
**D** ૧ અને ૪ ખરા છે

**80 નીચે પૈકી કોને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતાધિકાર નથી ?**

**A** લોકસભાના સભ્ય
**B** રાજ્યસભાના સભ્ય
**C** વિધાનસભાના સભ્ય
**D** વિધાન પરિષદના સભ્ય

**81 ગ્રામ સેવક દ્વારા તૈયાર થતા વર્કીંગ પ્લાનીંગમાં નીચે પૈકી કઇ બાબતોનો સમાવેશ થતો ન હતો ?**

**A** સંદેશા વ્યવહાર
**B** સિંચાઇ
**C** વાહન વ્યવહાર
**D** પશુપાલન

**82 વિનોબા ભાવે એ કઇ કઇ ચળવળ ચલાવી હતી ?**

**A** ભૂદાન
**B** ગ્રામદાન
**C** ગ્રામ સ્વરાજ
**D** તમામ

**83 નીચે પૈકી કઇ બાબત ભારતના બંધારણમાં સમાવિષ્ટ નથી ?**

**A** પુરૂષ - સ્ત્રીને સરખા કામ માટે સરખો પગાર
**B** કિશોરી શોષણ સામે રક્ષણ
**C** પુરૂષ - સ્ત્રી - બાળકોને આજિવિકાનું પુરતુ સાધન
**D** પુરૂષ - સ્ત્રીના આરોગ્યનો દુરૂપયોગ અટકાવવો

**84 પંચાયતો અંગે કઇ બાબત ખરી નથી ?**

**A** તમામ રાજ્યોમાં ત્રિસ્તરીય પંચાયતી રાજની જોગવાઇ છે
**B** પંચાયત એટલે ગ્રામ્ય વિસ્તારા માટેની સ્વરાજ્યની સંસ્થા
**C** પંચાયતની ચૂંટણીઓનું સંચાલન રાજ્ય ચૂંટણીપંચ કરે છે.
**D** ગ્રામસભામાં ગામની મતદાર યાદીમાં સમાવિષ્ટ તમામ મતદારોને સમાવેશ થાય છે

**85 Community Organization ની ત્રણ પ્રાથમિક સંસ્થા કઇ કઇ ગણાયેલ ?**

**A** ગ્રામ પંચાયત, ગ્રામનું આરોગ્ય કેન્દ્ર, ગામની શાળા
**B** ગ્રામ પંચાયત, ગ્રામની દૂધ સહકારી મંડળી અને ગ્રામ યુવક મંડળ
**C** ગ્રામ શાખા, ગ્રામ યુવક મંડળ, ગ્રામ પંચાયત
**D** ગ્રામ પંચાયત, ગ્રામ સહકારી સંસ્થા અને ગામની શાળા

**86 બળવંતરાય મહેતાસમિતિએ પ્રથમ તબક્કે નીચેની કઇ વિભાવના આપી હતી ?**

**A** પંચાયતી રાજ
**B** સામૂહિક વિકાસ
**C** વિકેન્દ્રીત લોકશાહી
**D** સ્વરાજ

**87 રાજ્યના કુલ પૈકી કેટલો વિસ્તાર કૃષિ માટે ઉપયોગમાં લેવામાં આવે છે ?**

**A** લગભગ ૬૦ %
**B** લગભગ ૪૫ %
**C** લગભગ ૫૦ %
**D** લગભગ ૬૫ %

**88 સર્વોચ્ચ અદાલતનાં મૂળભૂત કાર્યક્ષેત્રમાં નીચે પૈકી કાઇ બાબતનો સમાવેશ નથી થતો ?**

**A** ભારત સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેની તકરાર
**B** ભારત સરકાર, કોઇ રાજ્ય અને અન્ય રાજ્ય વચ્ચેની તકરાર
**C** રાજ્ય - રાજ્ય વચ્ચેની તકરાર
**D** ભારત સરકાર અને સંઘ પ્રદેશ વચ્ચેની તકરાર

**89 પંચાયતી રાજ માટે નીચે પૈકી કઇ બાબત ખરી નથી ?**

A પ્રાચીન ભારતમાં ગ્રામ પંચાયતની સંસ્થાના પ્રમાણ મળેલ છે.

B તેની જોગવાઇ ભારતના બંધારણમાં મૂળભૂત અધિકાર તરીકે કરવામાં આવેલ છે

C ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ અમલમાં છે

D તેની જોગવાઇ માટે રાજ્ય પોતાના કાયદા કરી શકે છે

**90 ગુજરાત પંચાયત સેવા આયોગની રચના બાબતે નીચે પૈકી કઇ બાબત ખરી નથી ?**

A તે જિલ્લા સંવર્ગની નિમણૂક માટે ઉમેદવારની ભરતી કરે છે

B તે ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં કામ કરે છે

C તે ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ રચાયેલ છે

D તે બઢતી - પ્રવરતાયાદી - શિક્ષા અંગે સલાહ આપે છે

**91 લોક સેવા આયોગની સભ્યની વયમર્યાદા કેટલી છે ?**

A ૬૦ વર્ષ

B કોઇ વયમર્યાદા નથી

C ૬૫ વર્ષ

D ૬૨ વર્ષ

**92 'સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ' યોજના કયા વર્ષમાં અમલમાં મુકાયેલ ?**

A ૨૦૦૪

B ૨૦૦૯

C ૨૦૧૨

D ૨૦૦૭

**93 વિધાનસભાની પાંચ વર્ષની મુદતની ગણતરી સામાન્ય સંજોગોમાં કઇ તારીખથી થાય છે ?**

A વિધાનસભાની સામાન્ય ચૂંટણીની છેલ્લી તારીખથી

B પહેલી બેઠક માટે નક્કી થયેલ તારીખથી

C વિધાનસભ્યોની નામવતિ ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ

D વિધાનસભાની ચૂંટણીના પરિણામની તારીખ

**94 રાજ્યસભાના વિસર્જન અંગે શું જોગવાઇ છે ?**

A રાષ્ટ્રપતિ પ્રધાન મંડળની સલાહ અન્વયે વિસર્જન કરે

B દર ૬ વર્ષ મુદત પૂર્ણ થતા  વિસર્જન થાય

C રાજ્યસભાનું વિસર્જન ક્યારેય થઇ શકે નહી

D સંસદમાં મહાભિયોગની પ્રક્રિયાથી રાજ્યસભાનું વિસર્જન થઇ શકે

**95 દરેક ગ્રામ સેવકે તેના સર્કલ (મંડળ)ના ગામોમાં કયા દરજ્જે કામગીરી કરવી અપેક્ષિત હતી ?**

A મિત્ર

B માર્ગદર્શિક

C વિષય નિષ્ણાંત

D ટીમ - લીડર

**96** **જિલ્લા સંકલન સમિતિનું અધ્યક્ષ સ્થાન કોણ સંભાળે છે ?**

**A** જિલ્લા પ્રભારી સચિવ **B** જિલ્લા પંચાયત પ્રમુખ

**C** જિલ્લા પ્રભારી મંત્રીશ્રી **D** કલેક્ટર

**97** **ડો. કાર્લ ટોલ્સના વર્ણાવ્યા મુજબ, વિસ્તરણ કાર્યકરે અપનાવવાની કાર્યપધ્ધતિના પગલામાં નીચે પૈકી શાનો સમાવેશ નથી થતો?**

**૧. સ્થાનિક લોકોને તેમની સામાન્ય જરૂરીયાત અંગે વ્યવસ્થિત ચર્ચામાં સામેલ કરવા**

**૨. સમૂહે પસંદ કરેલ પ્રથમ સ્વ સહાય પ્રોજેકટની અમલવારી**

**૩. સમૂહગત નેતૃત્વ માટેની તાલીમ અને પસંદગી**

**૪. સંપૂર્ણ દોરવણી (Mobilization) અને સંશાધનનો ઉપયોગ**

**૫. વધુ સામુહિક પ્રોજેકટ હાથ ધરવાની ઇચ્છાશક્તિ અને મનોબળ - નિર્ધાર ઉતપન્ન કરવા**

**A** (૧),(૨),(૪),(૫) **B** (૧),(૨),(૩),(૪)

**C** (૧),(૨),(૩),(૫) **D** (૨),(૩),(૪),(૫)

**98** **ગ્રામોધોગ વિકાસ કેન્દ્ર સ્થાપવા માટે મહતમ કેટલી સહાય મળવાપાત્ર છે ?**

**A** ૨૫ લાખ **B** ૧૦ લાખ

**C** ૩૦ લાખ **D** ૧૩ લાખ

**99** **બંધારણની જોગવાઇ મુજબ રાજ્યપાલ ક્યાં સુધી તેમનો હોદ્દો ધરાવી શકે ?**

**A** પ્રધાનમંડળની મરજી હોય ત્યાં સુધી **B** નિમણૂંકથી પાંચ વર્ષ સુધી

**C** રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી **D** હોદો સંભાળ્યાથી પાંચ વર્ષ સુધી

**100** **આ પરીક્ષાના પાઠ્ય પુસ્તકની માહિતી મુજબ જિલ્લાના વિકાસ કાર્યક્રમના કેપ્ટન અને સંકલન કર્તા તરીકે કોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે ?**

**A** જિલ્લા વિકાસ અધિકારી **B** કલેક્ટર

**C** બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર **D** જિલ્લા પંચાયત પ્રમુખ

--------------------------------------